

ચિંતન – મંથન અને મહેનતનો મહાસાગર

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India | Dudhsagar The Pride of India

અંક - ૪ I વર્ષ - ૨ I ઓક્ટોમ્બર - ૨૦૨૨ | www.dudhsagardairy.coop | twitter.com/dudhsagardairy | dudhsagardairyofficial | youtube.com/c/DudhsagardairyCoop


## પ્રધાનમંત્રીને જન્મદિવસની જવાંમર્દ ભેટ




## MOTIBHAI R. CHAUDHARY SAGAR SAINIK SCHOOL



હું અને મારું નિયામક મંડળ ભાગ્યશાળી છીએ. આજે વૈશ્વિક નેતા અને ભારતના પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મ દિવસે તેમના સ્વપ્નની સો સૈનિક સ્કૂલો પૈકી એક સૈનિક સ્કૂલ દૂધસાગરના આંગણે શરૂ થઈ રહી છે. યોગાનુયોગ અત્યારે આપણે મોતીબાપુના સો વર્ષના શતાબ્દી વંદના વર્ષની ઉજવણીની સૌથી મોટી ભેટ એવી આ સ્કૂલને તેમના નામે - તેમના પવિત્ર ચરણોમાં અર્પિત કરી રહ્યા છીએ. આવનાર દશ વર્ષ પછી મારી દૂધની દોહનારીઓના - દૂધના પીનારા દિકરાઓ અને દિકરીઓ એક એવા શિક્ષણને પ્રાપ્ત કરશે જ્યાં તેમની પાસે શિસ્ત, સંયમ, સાહસ અને દેશ પ્રેમ સાથે સાગરને પાર કરવાનું અને પહાડથી ટકરાવવાનું જબરજસ્ત મનોબળ પ્રાપ્ત થશે !! (અશોકભાઈ ચૌધરી)

# એક પરિચય : મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલ




હું અને મારું નિયામક મંડળ આજે પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબના સ્વપ્નની સો સૈનિક સ્કૂલો પૈકીની એક સૈનિક સ્કૂલ તેના પ્રથમ તબક્કામાં જ દૂધસાગર ડેરીને આપવા બદલ વડાપ્રધાનશ્રી. નો આભાર અને અત્યંત આનંદની લાગણી અનુભવી રહ્યો છું. દેશના વડાપ્રધાન આ સૈનિક સ્કૂલોની શૃખંલા ઉભી કરી દેશપ્રેમ સાથેની એક નવીજ શિક્ષણ નિતી દેશમાં દાખલ કરી રહ્યા છે જેના શુભ પરિણામ આપણને બધાને દશ વર્ષ પછી જોવા મળશે.

ઈઝરાયલમાં સૈનિક શિક્ષણ ફરજીયાત છે અને તેના કારણે ત્યાંના એક-એક નાગરીકમાં લશ્કરી શિસ્ત જોવા મળે છે. આપણી દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતા પશુપાલકોના દિકરાઓ અને દિકરીઓની સરેરાશ ઉંચાઈ અને તંદુરસ્તી કુદરત સહજ હોય છે. આવા સૂપોષિત બાળકોના શરીર અને બુધ્ધિઆંક ઉંચો જોવા મળતો હોય છે. આ બાળકોને લશ્કરી શિસ્ત આધારિત ઉચ્ચ શિક્ષણ મળશે ત્યારે તેઓ પોતાના પરિવારની સાથે દેશને એક નવી ઉંચાઈ અને ગરીમા બક્ષવામાં અદની ભૂમિકા ભજવશે. હું મારા પશુપાલક મિત્રોને અપીલ કરું છું કે ; આ વર્ષે તો સરકાર અને સરક્ષણ મંત્રાલય અને CBSE ના ધારાધોરણો અનુસાર આપણે ધોરણ - ૬ ના પ્રથમ વર્ગની શરૂઆત કરી રહ્યા છીએ જે ક્રમશઃ આગળ વધારતા જઈશું અને ધોરણ - ૧૨ સુધી લઈ જઈશું. અહીંથી તૈયાર થયેલ બાળક જ્ઞાનની દ્રષ્ટિએ અને શિસ્તની દ્રષ્ટિએ અન્ય બાળકોથી અલગ પડશે. મેદાની રમતો તથા લશ્કરીય શિસ્ત તેની જીવનશૈલી બની જશે. અને ત્યારબાદ આપણે બધા જોઈ શકીશું કે : આ બાળક ચાલશે તો એની ચાલમાં પણ શિસ્તના દર્શન થશે ! આ બાળક વાત કરશે તો એની વાતમાં પણ આત્મવિશ્વાસનો ભરપૂર પ્રભાવ જોવા મળશે. સંવાદ કરતાં - કે યુધ્ધ કરતાં તેના તમામે તમામ પાસાઓમાં ખેલદીલી જોવા મળશે. એ જ્યાં પણ કામ કરશે ત્યાં તેના કાર્યક્ષેત્રમાં આ શિક્ષણની ઝલક જોવા મળશે. આપણા તૈયાર થયેલા આ બાળકો સૂતાં-જાગતાં, હાલતાં-ચાલતાં, કામ કરતાં અથવા તો વાતો કરતાં દરેક સમયે તેની ભૂમિકામાં આ શિક્ષણની સકારાત્મક અસરો જોવા મળશે. મોબાઈલના યુગમાં મેદાની રમતો ભૂલાઈ રહી છે ત્યારે આપણી આ સૈનિક સ્કૂલ એક નવા ભારતના નિર્માણમાં મહત્વનું યોગદાન આપશે તેવો મને પૂરતો ભરોસો છે.

ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી મહેસાણા દૂધસાગર ડેરી રિસર્ચ & ડેવલોપમેન્ટ એસોસિએશન સંચાલિત "શ્રી મોતીભાઈ ર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલ " **(MCSSS)** એ ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય તથા CBSE BOARD અને દૂધસાગર ડેરીના સંયુક્ત ઉપક્રમે શરૂ થયેલી એક સંસ્થા છે. સમગ્ર ભારતમાં આ પ્રકારની 100 શાળાઓ સ્થાપવાનો મૂળ ઉદ્દેશ લશ્કરી શિસ્ત સાથે આવનાર યુગની ડિજીટલ ક્રાંતિ સાથે કદમ તાલ મિલાવી શકે તેવા યુવાનો તૈયાર કરવાનો રહેલો છે. શારિરીક અને માનસિક રીતે મજબૂત ઘડતર પામેલા આ બાળકો **N.D.A (નેશનલ ડિફેન્સ એકેડમી)** જોઈન્ટ કરી દેશ માટે ૨૧ મી સદીના સમયને અનુરૂપ તાલીમ બધ્ધ યુવાનો મળી શકે તે માટે આ સૈનિક સ્કૂલોની શૃંખલા ઉભી કરવામાં આવી છે. સમગ્ર અભ્યાસક્રમ CBSE આધારિત હોવાની સાથે-સાથે અહીં શારિરીક વિકાસને ભરપૂર મહત્વ આપવામાં આવશે. હાલમાં, દૂધસાગર ડેરી ખાતે 3 શિક્ષકો દ્વારા ગણિત - વિજ્ઞાન - સામાજિક શિક્ષણ અને કોમ્પ્યુટર સાથે વ્યાયામ અને ફાયર સેફ્ટી જેવા તથા યોગ દ્વારા મનોબળ મજબૂત કરવાના તમામ વિષયો ધોરણ - ૬ થી ધોરણ - ૧૨ સુધી વિદ્યાર્થીને શિખવા મળે તેની પૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ સૈનિક સ્કૂલમાં હાલમાં પી.ટી ટીચર તરીકે આર્મીનો પાંચ વર્ષનો અનુભવ ધરાવનાર શિક્ષક સાથે હિંદી માધ્યમની બે શિક્ષિકાઓ તથા ગુજરાતી માધ્યમના એક શિક્ષિકા આ સંપૂર્ણ રેસિડેન્ટલ સ્કૂલમાં બાળકોને શિક્ષણ આપી પારિવારીક ભાવનાથી એક નવા વાતાવરણનું નિર્માણ કરી રહ્યા છે. સંપૂર્ણ અભ્યાસક્રમ તથા બાળકોની દિન ચર્યા અને ખોરાક સુધીની ગાઈડ લાઈન પ્રમાણે અનુસરણ કરવામાં આવી રહ્યું છે.

MCSSS
AN INITIATIVE OF DUDHSAGAR DAIRY
KNOWLEDGE • DEFENCE • BRAVERY
SHRI MOTIBHAI R CHAUDHARY SAGAR SAINIK SCHOOL

આપણે ગત સાધારણ સભાની મંજૂરીથી સ્વ.મોતીભાઈ સાહેબની જન્મ શતાબ્દી વર્ષની ઉજવણીની આ સૌથી મોટી ભેટ દૂધસાગર ડેરીને ૩૫ વર્ષ સુધી પવિત્ર અને દ્રષ્ટિવંત સુકાન આપનાર બાપુના ચરણોમાં ભેટ ધરી તેનું નામ **"મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલ "** આપી રહ્યા છીએ તેનો સૌથી મોટો આનંદ છે.

હું તમામ પશુપાલકોના બાળકોને આપણી સૈનિક સ્કૂલમાં ભણાવવાની અપીલ કરું છું અને આપ સૌને ખાતરી આપું છું કે ખાવા-પીવામાં, પહેરવા-ઓઢવામાં, રહેવામાં, શિક્ષણમાં, શિસ્તમાં એમ તમામ પ્રકારે આપનું બાળક સૌથી નોખું અને ચડીયાતું બને તેની તમામ જવાબદારી દૂધસાગર ડેરી સૂપેરે પાર પાડશે. મારી સીધી નજર અને શોખ આ સૈનિક સ્કૂલ સાથે જોડાયેલો છે હું સતત મારા નિયામક મંડળ સાથે જવાબદારીના ભાગરૂપે આપના બાળકની સંભાળ રાખીશ અને આપનું બાળક - સાગર બાળક બની સમાજને ધન્ય કરશે તો જરૂર અહીંના પ્રવેશ અંગે વિચારજો.

**( આપ સૌનો : અશોક ચૌધરી)**



# સાગર સૈનિક સ્કૂલ

## આ રહેશે ! દિનચર્યા

મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલ એ શિક્ષણ સાથે લશ્કરી શિસ્ત આપવાના લક્ષ સાથે શરૂ થઈ હોઈ આ સ્કૂલમાં CBSE આધારિત અભ્યાસક્રમ અને ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય આધારિત ગાઈડ લાઈનનું સંપૂર્ણ પાલન કરવામાં આવે છે. સાગર સૈનિક સ્કૂલના બાળકોનો દિવસ સવારે ૫:૦૦ કલાકથી શરૂ થાય છે. શરૂઆતના અડધા કલાક સુધી તેમને કુદરતી ક્રિયાઓ માટે સમય આપી સવારે ૫:૩૦ થી ૬:૧૫ સુધી વ્યાયામ અને યોગ માટે મેદાનમાં લઈ જવામાં આવે છે. ત્યારબાદ ૬:૩૦ થી ૭:૧૫ ના સમય દરમ્યાન સ્નાન આદિ ક્રિયાઓ પૂર્ણ કરી વિદ્યાર્થીઓને સવારના નાસ્તા માટે સમય આપવામાં આવે છે. જેમાં ૨૦૦ ml દૂધ સાથે મગ મસાલા, ચણા મસાલા, દૂધી-બટાટા અને મિક્ષ સબ્જીના પરાઠા, ઈડલી, થેપલા, બટાકા વડા, કટલેસ, બ્રેડ બટર અને સમોસા વિવિધ દિવસો દરમ્યાન આપવામાં આવે છે. ત્યારબાદ, ૭:૩૦ થી શાળાનો સમય શરૂ થાય છે. જે દરમ્યાન તેમને ૧૦:૩૦ થી ૧૦:૪૦ ના સમયે વિવિધ પ્રકારના જુદા-જુદા નાસ્તાના પેકેટ (ગાઈડલાઈન પ્રમાણે) આપવામાં આવે છે. બપોરે ૧:૩૦ સુધી શાળાનો સમય પૂરો થયા બાદ બાળકોને ૧:૩૦ થી ૨:૦૦ વાગ્યે સુધી ભરપૂર (અનલિમીટેડ) ભોજન સરકારની યાદી પ્રમાણે સોમવારથી રવિવાર સુધી આપવામાં આવે છે જેમાં કઠોળનું શાક, લીલુ શાકભાજી, પનીરનું શાક, સોયા, સલાડ, રોટલી, દાળભાત અને છાશ પીરસવામાં આવે છે. બપોરે ૨:૦૦ થી ૨:૩૦ કલાક દરમ્યાન બાળકોને આરામનો સમય આપી ૨:૩૦ થી ૩:૩૦ સુધી ફાયર સેફ્ટી, તત્કાલ સારવાર અને ઝડપી નિર્ણય શક્તિ અંગેની તાલીમ પૂરી પાડવામાં આવે છે. ૩:૩૦ થી ૫:૦૦ વાગ્યા સુધી બાળકોને NCC આધારિત ફિજીકલ ફિટનેસ ની તાલીમ સૈનિકની જેમ આપવામાં આવે છે. ત્યારબાદ સાંજે ૫:૩૦ કલાક દરમ્યાન બાળકોને એક ફળ સાથે નાસ્તાનું પેકેટ આપવામાં આવે છે. સાંજે ૬:૦૦ થી ૮:૩૦ સુધી સુપરવાઈઝર ની દેખરેખ હેઠળ વિદ્યાર્થીઓને સેલ્ફ સ્ટડી કરવાનો સમય આપ્યા બાદ રાત્રે ૮:૩૦ થી ૯:૦૦ વાગ્યા સુધી તેઓને રાત્રીના ભોજન કક્ષમાં લઈ જવામાં આવે છે. જ્યાં સંરક્ષણ મંત્રાલયની ગાઈડ લાઈન પ્રમાણે સોમવારથી રવિવાર સુધી ૨૦૦ ml શુધ્ધ દૂધ ફરજીયાતની સાથે-સાથે વિવિધ દિવસોમાં ખીચડી, મગનું શાક, પૂરી, ભાખરી, રોટલી, તૂવેર ટોઠા, પાઉંભાજી, પુલાવ, સેવટામેટાં, કઢી, દાલફ્રાય જીરા રાઈસ, છોલે ભટૂરે, દાળ ઢોકળી જેવી વિવિધ વાનગીઓ અમર્યાદિત ભાવથી પીરસવામાં આવે છે. સપ્તાહના વિવિધ દિવસો દરમ્યાન મીઠાઈમાં બાળકોને ગુલાબજાંબુ, કાલાજામ, માજૂમ, દૂધપાક, ફ્રુટસલાટ, શ્રીખંડ, મઠ્ઠો, કોપરાપાક, મેંગો જ્યુસ, મિલ્ક કેક, બાસુંદી, રસગુલ્લા, ગાજર અથવા દૂધીનો હલવો જેવી પૌષ્ટિક વાનગીઓ મેનૂ પ્રમાણે બાળકોને આપવામાં આવે છે. રાત્રીના ૯:૦૦ વાગ્યા થી ૧૦:૩૦ સુધી બાળકોને સેલ્ફ ટાઈમ આપવામાં આવે છે. જે દરમ્યાન તેઓ પોતાના પરિવારજનો સાથે ટેલિફોનીક અને વિડીયો ટોકીંગ કરી શકે છે. અને રાત્રે ૧૦:૩૦ કલાકે સ્વીચ ઓફ મતલબ બાળકોની રાત્રીનો સમય શરૂ થાય છે.

**સાગર સૈનિક સ્કૂલની વિદ્યાર્થી પસંદગીની તમામ પ્રક્રિયા આમ તો મિનીસ્ટર ઓફ ડિફેન્સ તરફથી થાય છે. પરંતુ દૂધસાગરના પશુપાલકો ના બાળકોને તક મળે તે માટે ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરીએ જોઈન્ટ સેક્રેટરીને પત્ર લખ્યા બાદ પ્રથમ વખત સૈનિક સ્કૂલની વિદ્યાર્થી પસંદગીના નિયમોમાં ફેરફાર થયો અને આ વખતે સાગર સૈનિક સ્કૂલના બાળકો ની પસંદગી માટે બાલાછડી (જામનગર) ના પ્રિન્સીપાલે દૂધસાગર ડેરીમાં આવી બાળકો પસંદ કરતાં પશુપાલકોના ઘણા બાળકોને તક મળવા પામી છે.**

કેન્દ્ર સરકારના ધારા-ધોરણો અનુસાર આ તમામ સૈનિક સ્કૂલોમાં ટ્યુશન ફી : ૪૦,૦૦૦ અને રહેવા જમવાનું તથા લોન્ડ્રી સહિતની સુવિધાના રૂ.૭૦,૦૦૦ તથા યુનિફોર્મ - પુસ્તકો અને વિવિધ સ્ટેશનરી ફી પેટે રૂ.૨૦,૦૦૦ મળી કુલ : ૧,૩૦,૦૦૦ વાર્ષિક ફી પ્રત્યેક વિદ્યાર્થી દીઠ લેવામાં આવે છે જેમાં ૫૦% બાળકોને મેરીટ ઉપર ટોપ ૫૦% બાળકોને સૈનિક સ્કૂલ સોસાયટી તરફથી ૪૦,૦૦૦ આર્થિક સહાય આપવામાં આવે છે.



મોતીબાપુ વંદના

## આવા હતા આપણા ચેરમેન મોતીબાપુ !!

એક દિવસ વહેલી સવારે દૂધસાગર ડેરીના સિક્યુરીટી વિભાગના વડા હતપ્રભ બની ગયા. જ્યારે તેમણે જોયું કે મહેસાણાની દૂધસાગર ડેરીની કંપાઉન્ડ વોલ ઉપર અનેક પેઈન્ટરો સિધ્ધી સિમેન્ટ ની જાહેરાત ચિતરવા બેસી ગયા હતા. સિક્યુરીટી અધિકારીએ દૂધસાગર જેવી સંસ્થા ઉપર સિમેન્ટની કંપનીના બોર્ડ ચિતરાતા જોઈ કામ અટકાવી દીધું ત્યારે આ પેઈન્ટરોના મુકાદમે જણાવ્યું કે : અમને ડેરીના મેનેજમેન્ટ તરફથી આ દિવાલનો જાહેરાતમાં ઉપયોગ કરવાની પરવાનગી પ્રાપ્ત થઈ છે ! આ જવાબ સાંભળી સિક્યુરીટી વડા આશ્ચર્યમાં પડી ગયા અને સિધી દોટ મૂકી એ વખતના ડેરીના ચેરમેન શ્રી.મોતીભાઈ રણછોડભાઈ ચૌધરીની ચેમ્બર તરફ ... આખી વાતથી મોતીબાપુને વાકેફ કર્યા. મોતીબાપુ શાંતચિત્તે એ સિક્યુરીટી જવાનની વાતો સાંભળતા રહ્યા અને પછી ધીમેથી બોલ્યા : એ કલરવાળાઓને એમનું કામ કરવા દો - ભલે કરતા. ડરતાં ડરતાં સિક્યુરીટી જવાન બોલ્યા પણ સાહેબ, આ તો દૂધસાગર ડેરી છે ! મોતીબાપુએ કહ્યું બસ બધાને ખબર છે આ દૂધસાગર ડેરી છે તો લાગવા દો સિમેન્ટની જાહેરાત - ડેરીમાં મફતમાં દિવાલો પણ રંગાઈ જશે અને જાહેરાતના પૈસા પણ મળશે !! એક પંથ દો કાજ ... આવા હતા આપણા મોતીબાપુ !!

# દૂધ અને ડેરીની દૂનિયામાં કારકિર્દી બનાવવાની ઉત્તમ તક

ખેડૂત અને પશુપાલકોના સંતાનોને ડેરી ક્ષેત્રમાં તજજ્ઞતા પ્રાપ્ત થાય અને આ ક્ષેત્રમાં નોકરી અથવા ધંધો વિક્સાવી શકાય તે માટે **DURDA** (દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોસિએશન) દ્વારા સ્વ.માનસિંહભાઈ પૃથ્વીરાજ પટેલની યાદમાં આ કોલેજની સ્થાપના કરવામાં આવી હતી. આ કોલેજ દ્વારા ડેરી ટેક્નોલોજીનો ૪ વર્ષનો B-Tech નો અભ્યાસક્રમ કામધેનું યુનિવર્સીટી - ગાંધીનગર ના સંલગ્ન થી ચલાવવામાં આવે છે. અત્યાર સુધીમાં આ કોલેજ માંથી ૨૪૧ જેટલા વિદ્યાર્થીઓ ડેરી તથા ફૂડ ટેક્નોલોજી ક્ષેત્રમાં ડિગ્રી મેળવી સમાજમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. હાલમાં, દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી તથા નિયામક મંડળ અને સંસ્થાના MD શ્રી. ધીરજકુમાર ચૌધરીના સતત અને જીણવટભર્યા માર્ગદર્શન હેઠળ આ કોલેજને રાષ્ટ્રીય તેમજ રાજ્ય કક્ષાના ખ્યાતિ પ્રાપ્ત એવોર્ડ પ્રાપ્ત થયેલા છે. હમણાં ૨૦૨૧ માં આપણી સંસ્થાને G.S.I.R.F - Engineering ગુજરાત રાજ્યમાં ત્રીજુ સ્થાન પ્રાપ્ત થવા પામ્યું હતું. આપણી કોલેજમાં હાલમાં ઉચ્ચ કક્ષાના પ્રાધ્યાપકો, જરૂરી માળખાકીય તમામ સુવિધાઓ અને જુદા-જુદા વિષયોની લેબોરેટરી, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે જુદી-જુદી હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ છે. આપણી કોલેજના ત્રણ વિદ્યાર્થીઓએ વાઈસ ચાન્સેલર ગોલ્ડ મેડલ અને ચાર વિદ્યાર્થીઓએ જુદી-જુદી કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવ્યા છે. દૂધસાગરની દૂરડા દ્વારા પશુપાલકોના દિકરા-દિકરીને આર્થિક સહાય પણ પૂરી પાડવામાં આવે છે. MIDFT કોલેજમાં એડમીશન લઈ વિશ્વ સ્તરીય ડેરી ઉધોગમાં કારકિર્દી બનાવવાની અનેક ઉજ્જવળ તકો રહેલી હોવાથી ધોરણ ૧૨ સાયન્સમાં A ગ્રુપ એટલે કે ફિઝીક્સ, કેમેસ્ટ્રી અને મેથ્સ રાખનાર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. સદર કોલેજને કામધેનું યુનિવર્સીટી - ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત થઈ હોવાથી આ યુનિવર્સીટી દ્વારા માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્રથી ગુજરાતની તથા સમગ્ર દેશ અને ખાનગી તથા બહારના દેશોમાં પોતાની લાયકાત આધારિત કેરીયર બનાવવાની ઉજળી તકો રહી હોવાનું નિષ્ણાતો જણાઈ રહ્યા છે.




## દૂધસાગરની ગુંજા અને રંડાલા મંડળીઓમાં DIVA કાર્યક્રમની જ્યોત પ્રગટી



ગત તા.૧ થી ૩ સપ્ટેમ્બરથી સુધી ગુંજા દૂધ મંડળી ખાતે દૂધ ઉત્પાદક મંડળી સંકલિત વિકાસ આયોજન કાર્યક્રમ (DIVA) નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના સમાપન સમારોહમાં દૂધસાગરના યશસ્વી ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળના સભ્યશ્રી. એલ. કે. પટેલ, શ્રી. દિલીપભાઈ ચૌધરી, દૂરડાના ડિરેક્ટર શ્રી.બાબુભાઈ ચૌધરી, વિસનગર તાલુકા સંઘના ચેરમેન મુકેશભાઈ ચૌધરી હાજર રહ્યા હતા. સદર કાર્યક્રમને સફળ રાખવામાં ગુંજા દૂધમંડળીના પ્રમુખ શ્રી.કાનજીભાઈ ચૌધરીએ ભારે જહેમત ઉઠાવી હતી.



ગત તા.૧૯ થી ૨૧ સપ્ટેમ્બરના રોજ વિસનગર તાલુકાના રંડાલા ગામની દૂધમંડળીમાં ત્રિદિવસીય દિવા પ્રોગ્રામનું આયોજન મંડળીના પ્રમુખ શ્રી.દશરથભાઈ ચૌધરીના પ્રયત્નોથી સફળ થયું હતું. કાર્યક્રમના અંતિમ દિવસે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી.ની પ્રેરક ઉપસ્થિતીમાં શ્રી. એલ કે. પટેલ અને દિલીપભાઈ ચૌધરી સાથે ખેરાલુ APMC ના ચેરમેન ભીખાભાઈ ચૌધરી અને APMC મહેસાણાના ડિરેક્ટર અને ઉર્જાવાન યુવા શ્રી.વિષ્ણુભાઈ ચૌધરી (ખારા) સાથે આંજણા કણબી પટેલ સમાજ સેવા સંઘના રાષ્ટ્રીય પ્રમુખ પાતારામ ભગત અને ગુજરાતના પ્રમુખ લાલજીભાઈ ચૌધરી હાજર રહ્યા હતા.

## MIDFT - MEHSANA

### માનસિંહભાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેક્નોલોજી

MIDFT, મહેસાણા

(સંલગ્ન કામધેનું યુનિવર્સીટી, ગાંધીનગર)

**ડેરી ક્ષેત્રે કારકિર્દી બનાવવાની ઉત્તમ તક**

MIDFT માં B.Tech (Dairy Technology) અભ્યાસક્રમમાં પ્રવેશ - શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩

MIDFT, મહેસાણા ખાતે કામધેનુ યુનિવર્સીટીમાં સ્નાતક કક્ષાના એ - ગ્રૃપના B.Tech (Dairy Tech.) અભ્યાસક્રમમાં જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ને રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ કામધેનું યુનિવર્સીટીની મંજૂરી મુજબ MIDFT કોલેજ કક્ષાએથી યોજવાની થાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| લાયકાત | ● ઉમેદવાર ગુજરાત રાજ્યનો રહેવાસી હોવો જોઈએ.<br>● ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા (એ-ગૃપ અથવા એબી-ગૃપ) ગુજરાત બોર્ડ અથવા અન્ય બોર્ડ (CBSE/CISCE/NIOS/ISB) માંથી ૪૦% સાથે પાસ કરેલી હોવી જોઈએ.<br>● ચાલુ વર્ષ ૨૦૨૨ ની GUJCET પરીક્ષા આપેલ હોવી જોઈએ. | | | |
| પ્રવેશ બેઠકો ની વિગત | જનરલ | EWS | મેનેજમેન્ટ ક્વોટા | કુલ |
| | ૨૫ | ૦૪ | ૧૦ | ૩૯ |

**પ્રવેશ પ્રક્રિયા ની અંતિમ તારીખ : ૧૫.૧૦.૨૦૨૨**

સંપર્ક સ્થળ : MIDFT કોલેજ, દૂધસાગર ડેરી કેમ્પસ, હાઈવે, મહેસાણા-૩૮૪૦૦૨

ફોન નંબર : ૦૨૭૬૨-૨૫૩૨૦૧ / ૨૪૩૭૭૭, ૯૮૨૫૫ ૭૯૫૪૦

Website : www.midft.com ઈ-મેલ : admission@midft.com

- ઉમેદવારો એ કામધેનુ યુનિવર્સીટીમાં ઓનલાઈન પ્રવેશ અરજી ફોર્મ કરેલ હોય અથવા **ઓનલાઈન પ્રવેશ અરજી ફોર્મ ભરેલ નો હોય તેવા** તમામ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને પ્રવેશ મેળવવા માટે MIDFT સંસ્થા નો સંપર્ક કરવા નો રહેશે
- **લાયક ઉમેદવારને વહેલા તે પહેલા ધોરણે પ્રવેશ આપવામાં આવશે.**

**નોંધ :- ઉપરોક્ત અભ્યાસક્રમમાં કુલ ૮ સેમિસ્ટર હોય છે અને પ્રત્યેક સેમિસ્ટરની ૩૦૦૦૦ રૂપિયા ટ્યુશન ફી લેવામાં આવે છે. પરંતુ દૂધસાગરના દૂરડા મેનેજમેન્ટ દ્વારા આપણા કાર્યક્ષેત્રમાં દૂધ ભરાવતા પશુપાલકોની દિકરીઓને રૂપિયા ૧૮૦૦૦ અને પશુપાલક દિકરાને ૧૨૦૦૦ રૂપિયા પ્રત્યેક સેમિસ્ટર દીઠ સહાય આપવામાં આવે છે.**

## પ્રાર્થના સભા

તાજેતરમાં તા.30 સપ્ટેમ્બરના રોજ દૂધસાગર ડેરીના આદ્યસ્થાપક સ્વ.શ્રી.માનસિંહભાઈ પટેલની બાવન મી પૂણ્યતિથી નિમિત્તે સંસ્થાના ચેરમેન શ્રી.અશોકભાઈ બી. ચૌધરીની ઉપસ્થિતીમાં દૂધસાગરના તમામ અધિકારીઓ અને કર્મચારીઓની ભાવના સભર હાજરી વચ્ચે એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વ.માનસિંહભાઈ સાહેબના જીવન પ્રદાનની સમૃધ્ધ ધરોહર વચ્ચે ઉપસ્થિત દૂધસાગરના વર્તમાન કર્મચારી બહેનોએ ગાંધીજીના પ્રિય ભજન "વૈષ્ણવ જન તો... તેને' રે... કહીએ" ના સૂર રેલાવી વાતાવરણમાં પવિત્રતાનો છંટકાવ કર્યો હતો. સંસ્થાના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ સ્વ.માનસિંહભાઈ સાહેબના અમર રહેવાના નારાઓ વચ્ચે પુષ્પાંજલિ કરી અને માનસિંહભાઈ એ દૂધસાગરરૂપી બગીચાનું એવું પુષ્પ છે જેની સુવાસ સદીઓ સુધી આવનારી પેઢીઓને મળતી રહેશે તે શબ્દોથી શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી.



# અભિનંદન

તાજેતરમાં કામધેનુ યુનિવર્સીટી દ્વારા યોજાયેલ રાષ્ટ્રીય ડેરી અને ફૂડ ક્વીઝ પ્રતિયોગીતા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૨૨ અલગ અલગ સંસ્થાઓ જેમાંથી ૧૦ શૈક્ષણિક સંસ્થાઓ અને ૧૨ દૂધસંઘો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં આપણી દૂધસાગર ડેરી ના લેબોરેટરી વિભાગમાં કામ કરતી બે અધિકારી બહેનો (૧) ગોપીબેન પટેલ અને (૨) મમતાબેન ચૌધરી એ સ્પર્ધક તરીકે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં તેઓએ પોતાના જ્ઞાન અને અનુભવનો ઉપયોગ કરી સંયુક્ત રીતે ચોથો નંબર પ્રાપ્ત કરી પ્રમાણપત્ર અને એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. દૂધસાગર ડેરી અને તેના કર્મચારીઓ હવે, પોતાની કર્તવ્ય નિષ્ઠાની સાથે સાથે દૂધસાગર ડેરીનું નામ અન્ય ક્ષેત્રે પણ રોશન કરી રહ્યા છે. તે બાબતને લઈ દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી.અશોકભાઈ ચૌધરી સાહેબ તથા MD સાહેબ શ્રીએ આ બંને અધિકારી બહેનોને શુભકામનાઓ પાઠવી હતી.






દૂધસાગરનાડૉક્ટરની ડાયરી

## પશુની હોજરીમાં લોખંડનું ઓપરેશન

આપણા પશુઓના ખાણ દાણ અને ઘાસચારામાં અણીદાર ધાતુ જેમકે સોંય, વાયર, પીન વગેરે ખાવામાં આવે તો તે પશુની બીજા નંબરની હોજરીમાં કાયમ માટે પડી રહેછે. પરંતું ખોરાક ના પાચન માટે હોજરી નુ સતત સંકોચન અને વિસ્તરણ થતું રહેતું હોવાથી આ અણીદાર ધાતુ હોજરીની દિવાલમાં ધીરે ધીરે ભોકાય છે. જેના કારણે પ્રથમ અને બીજી હોજરીના નિયમિત સંકોચન અને વિસ્તરણ ની પ્રક્રિયા અવરોધાય છે. શરૂઆતમાં પશુને પીડા અને આફરો આવેછે. સમય જતાં આ ભોકાયેલ ધાતુ છાતીના પડદા તેમજ હૃદયની દીવાલસુધી ઈજા પહોચાડે છે. ગળામાં સોજો આવે, પાતળા ઝાડા થાય છે. પશુને ઉઠવા બેસવામાં અને ઢાળમાં ચાલવામાં તકલીફ થાય છે. આવા સંજોગોમાં પશુના પેટની શાસ્ત્રક્રિયા થી અણીદાર ધાતુ કાઢવી એજ એક ઉપાય છે. ખેરાલુ પશુસ્વાસ્થ્યકેન્દ્રના પશુચિકિત્સકો દ્વારા આવી એક ગાયપર તાજેતરમાં સફળ શસ્ત્રક્રીયા કરવામાં આવી.આવા રોગ ન થાય તે માટે પશુ માલિકોએ ઘાસચારાના નીરણ વખતે તેમાં અણીદાર ધાતુ આવી ન જાય તેવી કાળજી રાખવી જોઈએ તેમજ બજારના ખાણદાણ ન ખવડાવતાં ડેરીના દાણનોઆગ્રહ રાખવો કારણકે સાગરદાણના કારખાનામાં ધાતુ દાણમાં ન આવે તેમાટે લોહચુમ્બક દ્વારા દાણના ઘટકો ભેળવતી વખતે ચકાસણી કરવામાં આવે છે. પશુ માલિકોને વિદિત થાયકે આપના મોઘા પશુધનને આવા રોગથી મુક્ત રાખવા કાળજી રાખી દાણ અને ઘાસચારો આપો.

# સાગર મંથન

અશ્વિન વી. ચૌધરી

**સામંતશાહીનો વારસ કોઈ એક વ્યક્તિ હોઈ શકે
પણ, સહકારીતાનો વારસ સમાજ જ હોય !**



સહકારિતા શું છે ? સહકારી મંડળીઓનો માલિક કોણ હોય છે ?   ( રમીલાબેન એચ. ચૌધરી - પાલડી )

એક સમાન ધ્યેય માટે સૌ સાથે મળીને એક બીજાના સહકારથી સકારાત્મક પ્રવૃત્તિઓ કરી સમગ્ર જન સમાજના ઉત્થાન માટે કામ કરીએ એનું નામ સહકારીતા !

સહકારિતાનો ઉદય જોઈએ તો આઝાદી પહેલાં ખેડા જિલ્લામાં બોમ્બે મિલ્ક સ્કીમ અંતર્ગત પોલ્સન ડેરીનું કામકાજ ચાલતું હતું. અંગ્રજ સરકારના રાજમાં ખેડૂતોનું ભારોભાર શોષણ થતું હતું. એટલે સરદાર વલ્લભભાઈ પટેલની રાહબરીમાં ખેડૂતોના હાથમાં જ દૂધના એકત્રિકરણ, પ્રોસેસીંગ અને માર્કેટીંગની પ્રક્રિયાઓનું નિયંત્રણ રહે તે માટે દૂધ સહકારી મંડળી ઉભી કરવાની કામગીરી મોરારજીભાઈ દેસાઈને સોપવામાં આવી. આ મંડળીના પ્રમુખ તરીકે મોરારજીભાઈએ સ્વાતંત્ર સેનાની અને શુધ્ધ ખેડૂત આત્મા એવા ત્રિભોવનદાસ પટેલ ઉપર પોતાની પસંદગી ઉતારી. ત્રિભોવનદાસ પટેલે ગામે ગામ ફરીને ખેડૂતોને સમજાવીને દૂધ મંડળીઓ બનાવી. આમ, ૧૯૪૬ માં ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની રચના થઈ. આ રીતે અમૂલના મૂળીયાં નખાયા ! અને, સહકારીતાનો વિકાસ થયા`! આવો જ સેવાયજ્ઞ ઉત્તર ગુજરાતના  મહેસાણામાં સ્વ. માનસિંહભાઈએ અને બનાસકાંઠામાં સ્વ.ગલબાકાકાએ કર્યો. જેના મીઠાં ફળ આજે સમગ્ર ઉત્તર ગુજરાતની પ્રજા ચાખી રહી છે.



સામંતશાહીનો વારસ કોઈ એક વ્યક્તિ હોઈ શકે - પણ - સહકારીતાનો વારસ આખો સમાજ હોય છે ! સહકારી મંડળીઓ કોઈનીય માલિકીની પેઢી નથી પણ લોહી - પરસેવો એક કરી જાત ઘસીને મજૂરી કરતાં ગ્રામ્યપ્રજાની ધરોહર છે ! જ્યારે લોકોની ધરોહર ઉપર લાલચૂં શાસકો - ભ્રષ્ટાચાર કરવાના બદઈરાદાથી કુંડળી મારીને બેસી જાય ત્યારે કુરૂક્ષેત્ર સર્જાય છે !!

ઉપલબ્ધ સિમીત સંશાધનોનો કરકસરયુક્ત મહત્તમ ઉપયોગ કરીને સભાસદોને મહત્તમ વળતર આપવું એજ સહકારીતાનો સૌથી મોટો ગુણ હોય છે. હાલમાં, આપણે દૂધસાગર ડેરીના મેનેજમેન્ટનો વહિવટ નજર સમક્ષ જોઈ રહ્યા છીએ : આશરે બે  વર્ષના ટૂંકા ગાળામાં આ વહિવટદારોએ પોતાની પારદર્શિતા, કરકસર અને સૂઝબૂઝથી અન્ય ડેરીઓ ના સમકક્ષ દૂધના ભાવ તો આપ્યા પણ એની સાથે-સાથે ૬૩ વર્ષના ઈતિહાસનો સૌથી મોટો દૂધનો ભાવ વધારો એટલે કે રૂ.૩૨૧ કરોડ લાખો પશુપાલકોના ઘર સુધી પહોંચાડ્યા !!



સહકારી સંસ્થામાં કોઈ વસ્તુ ખરીદવા માટે ટેન્ડર થાય અને પારદર્શિતાથી તેને ખરીદવામાં આવે તો તેનો સૌથી મોટો લાભ પશુપાલકોને થતો હોય છે. મેનેજમેન્ટ પવિત્ર નજર રાખી ઉચ્ચ ગુણવત્તાવાળી ચીજ વસ્તુ કે મશીનરી વધુમાં વધુ કરકસર કરી ખરીદ કરે તો કેટલા કરોડો રૂપિયા એક સાથે બચતા હોય છે તેનું ઉદાહરણ હમણાં દૂધસાગર ડેરીમાં જોવા મળ્યું. બોર્ડ ઓફ ડિરેક્ટરની મીટીંગમાં વિપક્ષના સભ્યોની હાજરીમાં પાવડર પ્લાન્ટ કે જેનો ભાવ જે કંપનીએ પહેલાં ૨૭૨ કરોડ રૂપિયા આપ્યો હતો તે કંપનીને જ્યારે સમજાયું કે ; અહીં વચોટીયા ભ્રષ્ટાચારી કટકીબાજો અથવા દલાલો વચ્ચે નથી ત્યારે એજ મશીન દૂધસાગરની રૂપિયા ૧૭૫ કરોડમાં દૂધસાગર સંસ્થાને મળ્યું. આમ, એક જ ખરીદીમાં આપણે પારદર્શિતાના કારણે ૯૭ કરોડ રૂપિયા એક જ વ્યવહારમાં બચાવી શક્યા - વિચારો બધા આર્થિક વ્યવહારોમાં આ દ્રષ્ટિકોણ કેળવવામાં આવે તો કેટલા-કેટલા કરોડો રૂપિયા બચી શકે !! ?



સહકારીતામાં વહિવટ કરનાર વ્યક્તિ શાસક નથી હોતો પરંતુ , લોકોના વિશ્વાસથી બેઠેલો પ્રજાનો પ્રતિનીધી (ટ્રસ્ટી) હોય છે.  આવો ટ્રસ્ટીપણાનો શુધ્ધ અને સાત્વીક ભાવ એ સહકારી આગેવાનનું પ્રથમ લક્ષણ હોવું જોઈએ. સહકારી પદઉપર બેઠેલ માણસ સરળ અને નાનામાં નાના પશુપાલકને સિધે સીધો મળી શકે,  તેમના ભાવ વાંચી શકે, તેમની લાગણીની કદર કરી શકે, તેમના સુખદુખમાં ભાગીદાર બની શકે ત્યારે એવી સંસ્થાઓ શોભી ઉઠતી હોય છે. વ્યક્તિગત ઉચ્ચ ચારિત્ર્ય, પ્રામાણિકતા, કુશળતા અને જ્ઞાનનો સમાજના ભલા માટે ઉપયોગ થાય ત્યારે એક સંસ્થા અને તેની સાથે જોડાયેલા સમાજના એક વિશાળ વર્ગ માટે ખુશહાલ વાતાવરણનું નિર્માણ થતું હોય છે.

દૂધના વૈશ્વિક સંમેલન ના અભ્યાસે આપણી દૂધસાગર ડેરી.

# વર્લ્ડ ડેરી સમિટ – 2022




**અગાઉ 1974 માં ભારતમાં આ પ્રકારનું આયોજન થયું હતું. આ વખતે વર્લ્ડ ડેરી સમિટ 48 વર્ષ બાદ ભારતના આંગણે પ્રધાનમંત્રીશ્રી ના સાનિધ્યમાં યોજાવા પામી છે.**

આંતરરાષ્ટ્રીય ડેરી ફેડરેશન દ્વારા ગ્રેટર નોઈડા (દિલ્હી) ખાતે ગત તા.૧૨ થી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમ્યાન વર્લ્ડ ડેરી સમિટ - ૨૦૨૨ યોજાઈ ગઈ. દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી.અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં સમગ્ર નિયામક મંડળ અને દૂધસાગરના ઉચ્ચ અધિકારીઓ સાથે આપણી સંસ્થાએ આ સમિટમાં પોતાનું પ્રતિનિધિત્વ નોંધાવી ડેરી ક્ષેત્રમાં આવેલી અધ્તન ટેક્નોલોજીનો અભ્યાસ કરી આવનાર સમયમાં દૂધસાગર ડેરી આ દિશામાં આગળ વધે તે માટે ડેરી ક્ષેત્રના વૈશ્વિક કક્ષાના વિશેષજ્ઞો પાસેથી માહિતી મેળવી હતી. પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદીએ આ આંતરરાષ્ટ્રીય ડેરી સમિટનું ઉદ્‌ઘાટન ડેરી ઉધોગ વિકાસમંત્રીશ્રી. પુરષોત્તમભાઈ રૂપાલાની ઉપસ્થિતીમાં કર્યું હતું. આ પ્રસંગે પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે લમ્પી વાઈરસથી બચવા ભારતે સ્વદેશી રસી તૈયાર કરી છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે મળીને તેના નિવારણ માટે પ્રયાસ કરી રહી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વમાં ડેરી ક્ષેત્ર ૨% ના વૃધ્ધિ દરે આગળ વધી રહ્યું છે. જ્યારે ભારતમાં તે ૬% ના વૃધ્ધિ દરે આગળ વધી રહ્યું છે. આ ક્ષેત્ર સાથે ૭૪ ટકા મહિલાઓ સંકળાયેલી છે. "પશુઆધાર યોજના" નો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે ; પશુઓનો ડેટાબેઝ તૈયાર કરાશે. ડેરી સેક્ટર માત્ર ગ્રામીણ અર્થ વ્યવસ્થાને ગતી આપતું નથી, પરંતુ વિશ્વના કરોડો લોકોની આજીવિકાનું સાધન છે. ગુજરાતની મહેસાણી અને બન્ની ભેંસનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે ભીષણ ગરમીમાં આ પ્રજાતિની ભેંસો ખેડૂતોનો સહારો બને છે.

આંતરરાષ્ટ્રીય ડેરી સમિટ ૨૦૨૨ ના આ પ્રસંગે પ્રધાનમંત્રી દ્વારા એક શોર્ટ ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી. ચાર દિવસની આ સમિટમાં કુલ ૨૪ સેશન રાખવામાં આવ્યા હતા. તેમાં જુદા-જુદા દેશોના ૧૫૬ વિશેષજ્ઞોએ પોતાના વક્તવ્યો આપ્યા હતા. જુદા-જુદા દેશોના ડેરી નિષ્ણાતો, પશુપાલકો, વૈજ્ઞાનિકો, વ્યાવસાયિકોએ આ સમિટમાં ભાગ લીધો હતો. સમિટના સ્થળે પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૫૦૦ ચો.મી. થી વધારે વિસ્તારમાં ફેલાયેલા આ પ્રદર્શન સ્થળમાં વિવિધ પ્રદર્શકોએ પોતાના ઉત્પાદન અને સેવાઓનું ડિસપ્લે રજૂ કર્યા હતા.

દૂધસાગર ડેરીના સદસ્યોએ સમગ્ર સમિટના અભ્યાસ બાદ - વિશ્વમાં વધી રહેલા ડેરી ઉધોગ સાથે કદમ તાલ મિલાવવાના સંકલ્પ સાથે હવેના તમામ નિર્ણયો આવનાર બદલાતા સમયને ધ્યાનમાં રાખી કરવાનો નિર્ધાર કર્યો હતો. સમિટના આ દિવસો બાદ ચેરમેનશ્રી અને MD શ્રી સાથે નિયામક મંડળના તમામ સભ્યોએ દૂધસાગર ડેરીના ધારુહેડા અને માનેસર ડેરીની મૂલાકાત લઈ આ એકમોનો પૂર્ણ રીતે ઉપયોગ કરી શકાય તે દિશામાં મંથન કરી જરૂરી નિર્ણયો લેવાનું નિશ્ચિત કરી જરૂરી સૂચનો કર્યા હતા.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા